✆ : (0288) 2676524 / 2665204

# સુમેર સ્પોર્ટસ કલબ (રજી.) જામનગર

E-mail : summairsportsclub@gmail.com Website : www.summairsportsclub.org



## નવરાત્રી મહોત્સવ - ૨૦૧૭ (સમયપત્રક)

(તા. ૨૧-૦૯-૨૦૧૭ થી ૩૦-૦૯-૨૦૧૭)



## સ્પેશ્યલ ઈવેન્ટસ

રૂટીન પંચીયાના બે રાઉન્ડ તથા ફ્રી સ્ટાઈલ અને બિલો-૧૦ વર્ષ રાઉન્ડ ઉપરાંત નીચે મુજબ સ્પેશ્યલ ઈવેન્ટસ રહેશે.

| તારીખ | વાર | સ્પેશ્યલ કોમ્પીટીશન |
|---|---|---|
| ૨૧-૦૯-૧૭ | ગુરૂવાર | મેરીડ કપલ - (૧) |
| ૨૨-૦૯-૧૭ | શુક્રવાર | તાલી રાસ (એબોવ-૧૦) |
| ૨૩-૦૯-૧૭ | શનિવાર | તાલી રાસ અને પંચીયા (અંડર ૧૦) |
| ૨૪-૦૯-૧૭ | રવિવાર | સીબ્લીંગ્સ - (ભાઈ - બહેન - પેર) સ્પેશ્યલ |
| ૨૫-૦૯-૧૭ | સોમવાર | હિંચ |
| ૨૬-૦૯-૧૭ | મંગળવાર | પેરેન્ટ - ચાઈલ્ડ (અંડર - ૧૦) |
| ૨૭-૦૯-૧૭ | બુધવાર | પેરેન્ટ - ચાઈલ્ડ (એબોવ - ૧૦) |
| ૨૮-૦૯-૧૭ | ગુરૂવાર | URBAN - અસ્મીતા સ્પેશ્યલ રાઉન્ડ (એબોવ - ૧૦) |
| ૨૯-૦૯-૧૭ | શુક્રવાર | મેરીડ કપલ - (૨) ચોકડી સેમી ફાઈનલ |

**તા. 30-0૯-૨૦૧૭ શનિવાર મેગા ફાઈનલ - ચોકડી કોમ્પીટીશન ફાઈનલ**

**ખાસ નોંધ :**

૧. દરરોજ ૧૦ વર્ષથી ઉપર અને ૧૫ વર્ષ સુધીના જુનીયર ચેમ્પીયન પસંદ કરીને જુનીયર ફાઈનલ રાખવામાં આવશે.
૨. આ સમયપત્રકને અમો ચુસ્તપણે વળગી રહીશું, જેની સભ્યો તથા ખેલૈયાઓએ ખાસ નોંધ લેવી.
૩. ચોકડી કોમ્પીટીશનમાં ૫૦% કલબના સભ્યો ફરજીયાત હોવા જોઈએ.
૪. સ્પેશ્યલ રાઉન્ડ : "URBAN - અસ્મીતા" ના નિયમો (નવા ગુજરાતી ફિલ્મી - નોન ફિલ્મી ગીતોનું રાઉન્ડ)
   (એ) ઓછામાં ઓછું 6 ખેલૈયાઓનું ગ્રુપ. અને ૫૦% કલબ મેમ્બર ફરજીયાત.
   (બી) એક નવરાત્રીને લગત - ટ્રેડીશનલ - પ્રોપ કમ્પલશરી.
   (સી) URBAN - અસ્મીતા નો ટ્રેક તા. ૧૭-૦૯-૧૭ ના સાંજે ૬-૦૦ વાગ્યાથી પ્રાપ્ત થશે.

**અગત્યની સૂચના :**

જે સભ્યો કે તેમના ફેમિલી મેમ્બર્સને જે પ્લેઈંગ પાસ કે આઈ કાર્ડ ઈશ્યુ કરવામાં આવે છે તેનો ઉપયોગ જે તે વ્યકિત પૂરતો જ સિમિત રાખવાની જવાબદારી જે તે મેમ્બરની છે. જે સભ્યો કે તેમના ફેમિલી મેમ્બર્સ ને આપવામાં આવેલ પાસ કે કાર્ડ જો અન્ય વ્યકિત ઉપયોગ કરતા પકડાઈ જશે તો તે મેમ્બરની સામે કડક શિસ્તભંગના પગલા લેવામાં આવશે. તમારા અને આપણી કલબના હિતનો ખ્યાલ રાખી તમો સૌ તમારા પાસ સાચવી રાખશો, જેથી કોઈ તકલીફ ન થાય. તદુપરાંત તમોએ ઈશ્યુ કરાવેલા ગેસ્ટ પાસ ઉપર આવનાર ગેસ્ટ જો કોઈપણ પ્રકારની ગેરવર્તણુક કરશે તો પણ કડક પગલા લેવામાં આવશે.

કલબની નવરાત્રીને આપણે સહ-કુટુંબ વધુ સારી રીતે માણી શકીએ તે માટે તમારા સહકારની અપેક્ષા સાથે.

**જેન્ટસ ગેસ્ટ કોઈપણ રાઉન્ડમાં રમી શકશે નહી.**

| | | |
|---|---|---|
| કિશોર ગલાણી | જયેશ એ. મહેતા | રાજુભાઈ શેઠ |
| કન્વીનરશ્રી | મંત્રીશ્રી | પ્રમુખશ્રી |

Ph. : (0288) 2676524 / 2665204

# સુમેર સ્પોર્ટસ કલબ (રજી.) જામનગર

સાત રસ્તા પાસે, એસ. ટી. ડીપો સામે, જામનગર - ૩૬૧ ૦૦૫.
E-mail : summairsportsclub@gmail.com Website : www.summairsportsclub.org

## નવરાત્રી મહોત્સવ - ૨૦૧૭

Dt. 06-09-2017

**તા. ૨૧-૦૯-૨૦૧૭ થી ૩૦-૦૯-૨૦૧૭**

વ્હાલા સભ્યશ્રીઓ,

આપણે સૌ જે ઉત્સવની આખુ વર્ષ આતુરતા પૂર્વક રાહ જોતા હોઈએ છીએ અને છેલ્લા **૩૫ વર્ષ** થી જેની ઉજવણી યાદગાર બનાવીએ છીએ તે **નવરાત્રી મહોત્સવ ૨૦૧૭** નો અવસર ફરી આપણા આંગણે આવી ગયો છે...!

## નિયમો

આમ તો આપ સર્વ કલબના નિયમોથી જાણકાર છો અને તેમાં ખૂબજ સહકાર આપો છો છતા યાદી માટે નીચે મુજબના નિયમો જે ખૂબ ચૂસ્તપણે આપણે બધા આપના સહકારથી પાલન કરી આ મહોત્સવને પણ સફળ બનાવીશું.

(૧) આઈકાર્ડ વગર કોઈપણ સંજોગોમાં પ્રવેશ આપવામાં આવશે નહિ.

(૨) ગેસ્ટને ગેસ્ટ પાસ વિના કલબ પ્રિમાઈસીસમાં એન્ટ્રી કોઈપણ સંજોગોમાં મળશે નહિ. ગેસ્ટ પાસ મર્યાદિત સંખ્યામાં હોવાથી વહેલા તે પહેલાના ધોરણે સભ્યના ફોન અથવા લેખીત ભલામણથી સાંજના ૪-૦૦ થી ૬-૦૦ દરમ્યાન કલબ ઓફીસમાંથી મેળવી લેવાના રહેશે. ગેસ્ટ પાસમાં પણ સભ્યનું નામ લખવામાં આવશે. ગેસ્ટનો પ્રવેશ સભ્ય સાથે હશે તો જ આપવા દેવામાં આવશે.

(૩) **પાર્કીંગ વહેલા તે પહેલાના ધોરણે ફકત સભ્યશ્રીઓ માટે ઉપલબ્ધ રહેશે. પાર્કીંગ માટે પણ આઈકાર્ડ ફરજીયાત છે. આ વર્ષ પણ સીકયોરીટી પાર્કીંગ પ્રવેશ માટે અમો ચુસ્ત નિયમોનું પાલન કરવા પ્રતિબદ્ધ છીએ. આપ સૌ સહકાર આપશો એવી અપેક્ષા.**

(૪) સભ્યશ્રીઓ, લેડીઝ ગેસ્ટ તથા જોવા આવનાર સભ્યોના ગેસ્ટ તમામે આઈકાર્ડ અથવા રમવા-જોવાના ગેસ્ટ પાસ દેખાય તે રીતે સતત નવરાત્રી મહોત્સવ દરમ્યાન લગાડીને રાખવો ફરજીયાત છે. જેની નોંધ ખાસ લેશો. ગેસ્ટ પાસમાં ઓળખ માટે સભ્યોનું નામ અમો લખીશું ''આઈકાર્ડ'' વહેલા બનાવી લેવા. જો ન બનાવ્યા હોય તો તમારા ફેમીલીના સ્ટેમ્પ સાઈઝનો ફોટોગ્રાફ કલબ ઓફીસમાં અગાઉથી આપી ''આઈકાર્ડ'' બનાવી લેશો. માત્ર સભ્યો અને લેડીઝ ગેસ્ટ રમી શકશે. **જેન્ટસ ગેસ્ટ રમી શકશે નહિ.**

(૫) ઉપરોકત દરેક બાબતોમાં ફેરફાર કરવા માટેના અધિકાર કલબ કમીટીનો રહેશે.

| | સીઝન | દૈનીક |
|---|---|---|
| ■ **સભ્ય માટે, સભ્યના પત્ની, સભ્યની અપરણીત પુત્રી તથા ૧૮ વર્ષની નીચેના પુત્ર માટે** | **રૂા. ૧૧૦૦/-** | **રૂા. ૧૬૦/-** |
| ■ **સભ્યશ્રીના ૧૮ વર્ષથી ઉપરના સંતાનો** | **રૂા. ૨૨૦૦/-** | **રૂા. ૨૮૦/-** |
| ■ **રાસ રમવા ઈચ્છતા (લેડીઝ ગેસ્ટ)** | **રૂા. ૫૫૦૦/- (પ્રવેશ ફી સાથે)** | **રૂા. ૬૫૦/-** |

- સભ્યશ્રીના ૧૦ વર્ષથી નિચેના બાળકો (વિના મુલ્ય પ્રવેશ)
- ગેસ્ટ પ્રવેશ સબસ્ક્રીપ્શન રૂા. ૧૭૦/- રજાના દિવસો તથા રજાના આગલા દિવસે રૂા. ૨૨૦/- રાખેલ છે.
- ફકત લાકડાના દાંડીયાનો રમવામાં ઉપયોગ કરવામાં આવશે.
- સીઝન પાસ લેનારે પોતાનો ફોટો પાસ ઉપર લગાડવાનો ફરજીયાત છે.

**ખાસ નોંધ :-** નવરાત્રી મહોત્સવ દરમ્યાન સમય મર્યાદા વિષે આપણે સૌ જાણકાર છો જ અને પ્રવર્તમાન કાયદા, નિયમો મુજબ નવરાત્રી મહોત્સવ નિયત સમયે બંધ કરવાની હોય અમો પ્રથમ રાઉન્ડ ૦૮-૩૦ વાગ્યે શરૂ કરીશ દેશું સમય પાલન અંગે આપણે સૌ એ ગયા વર્ષ ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડેલું આ વર્ષ પણ એજ પરંપરા ચાલું રાખીશું જ અને સમયનો સદઉપયોગ કરી વધારે આનંદ માણીશું.

| કિશોર ગલાણી | જયેશ એ. મહેતા | રાજુભાઇ શેઠ |
|---|---|---|
| કન્વીનરશ્રી | મંત્રીશ્રી | પ્રમુખશ્રી |

## -: વિશેષ નોંધ :-

૧. જે સભ્યશ્રીઓએ નવા સ્માર્ટ આઇ કાર્ડ માટેના ફોર્મ ભરેલ છે તેઓએ ફોર્મ ભરવાની જરૂર રહેતી નથી.

૨. જે સભ્યશ્રીઓએ નવા સ્માર્ટ આઇ કાર્ડ માટે ફોર્મ ભરીને કલબમાં આપેલ નથી તે સભ્યોએ **તા. ૨૦-૯-૨૦૧૭ પહેલા** કલબ માંથી ફોર્મ મેળવી નવા કાર્ડ તાત્કાલીક બનાવી લેવા વિનંતી. નવરાત્રીમાં નવા સ્માર્ટ આઇ કાર્ડ દ્વારા જ એન્ટ્રી આપવામાં આવશે.

૩. કલબના સભ્યશ્રીઓને નવરાત્રી દરમ્યાન **વહેલા તે પહેલા ના ધોરણે** કાર પાર્કિંગ કરવા માટેના નવા સ્ટીકર કલબ માંથી મેળવી લેવા વિનંતી.

૪. ટુ વ્હીલર માટે પાર્કિંગ સ્ટીકરની જરૂરીયાત રહેશે નહીં.